dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
January 2014 For private circulation only Vol. 05 - Issue 121-22

જરૂરિયાતોની અનેકવિધતા અને તેને સંતોષવા માટે શોધી કઢાએલાં યંત્રો, માનવજાતિને તેના ધ્યેયની દિશામાં એક ડગલું પણ લઈ જાય છે એમ હું નથી માનતો. સમય અને અંતરનો નાશ કરવાની, પાશવી વાસના વધાર્યે જવાની અને તેને સંતોષવાની શોધમાં દુનિયાને છેડે જવાની ગાંડપણભરી ઈચ્છાઓને હું સદંતર નાપસંદ કરું છું.

મહાત્મા ગાંધી (યંગ ઈન્ડીઆ, ૧૭-૩-૧૯૨૭)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ગુજરાતી ભાષા જેમના નામથી ધન્ય છે તેવા સર્જક ઉમાશંકર જોશીએ કહ્યું હતું કે, 'યંત્ર અને તંત્રની વચ્ચે મંત્ર ગૂંગળાઈ ગયો છે.' આઝાદી પ્રાપ્ત કર્યા પછી આપણા દેશમાં એક તરફ યંત્ર સંસ્કૃતિ વિકસવા લાગી અને એમ થવાથી મોટા મોટા તંત્રો આપણે ઊભા કરવા પડયા. એ તો જાણે ઠીક પણ આ બંનેની વચ્ચે મંત્ર ગૂંગળાઈ ગયો. આ મંત્ર એટલે માનવતાનો મંત્ર. જેના માટે યંત્રો અને તંત્રો ઊભા કર્યા તે તો ધીરે ધીરે હાંસિયામાં ધકેલાઈ ગયો. કેન્દ્રમાં માણસ હોય, હોવો જોઈએ. બાકીનું બધું પરિઘિમાં હોય, હોવું જોઈએ. પણ એવું ન થયું ને એના દુષ્પરિણામો આવ્યા ને હજી આવશે.

આજકાલ માણસનું જીવન જ જાણે યાંત્રિક બની ગયું છે. આ યાંત્રિકતાએ માણસને સાવ જડ બનાવી દીધો છે. સંવેદનશીલતાની ધાર બુઠ્ઠી બનાવી દીધી છે. ગૂર્જિયેફે યોગ્ય સમજ સાથે 'માનવ-યંત્ર' એવો શબ્દપ્રયોગ કર્યો હતો. યાંત્રિકના ગાળિયામાં સૌ ફસાઈ ગયા છે. ફસાઈ રહયાં છે. માણસ જે કંઈ પણ પ્રવૃત્તિ કરે છે તે જાણે કરતો નથી પણ એનાથી થઈ જાય છે ! અચેતન મન એની પાસે એ કરાવે છે. મનુષ્ય ચેતના ઉપર કરોળિયાના જાળાં બાઝી ગયાં છે. પરિણામે એની એકસૂત્રતા અને એક દિશા ખોવાઈ ગઈ છે. આજના માણસને લાગે છે કે, એ ગતિ કરી રહયો છે પરંતુ એ કયાંય પહોંચી શકતો નથી.

આ લખી રહયો છું તે ક્ષણે જ મને સુરેશ જોશીનું સ્મરણ થાય છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના તેઓ પ્રોફેસર હતા. એમણે પહેલીવાર વિશ્વ સાહિત્યનો આટલો અને આવો વ્યાપક પરિચય કરાવેલો ગુજરાતી સાહિત્યજગતને. એમના કેટલાક સાહિત્યિક આગ્રહોના કારણે ગુજરાતી સાહિત્યમાં ઘણો ઉહાપોહ જાગ્યો હતો. તેમની એક વાર્તા છે - 'અગતિગમન' - તે વાંચી જવા માટે હું આપને નમ્ર સૂચન કરું છું. માણસને દોડી દોડીને કયાં પહોચવું છે તેની એને ખુદને ખબર નથી. જેની ખુદને ખબર ન હોય એને ખુદા પણ મદદ કરતો નથી. આવા માણસોનું ભવિષ્ય કેવળ મૃત્યુ સિવાય બીજું કશું હોઈ શકે નહીં. મૃત્યુ તો સૌનું નિશ્ચત છે પણ કેવળ મૃત્યુ એ જીવનનું લક્ષ્ય થોડું હોય... ? હોઈ શકે...? જો એમ જ સ્વીકારીએ તો અન્ય પશુ અને માણસમાં કશો ફરક રહે નહીં. ખાવું-પીવું-મોટા થવું - બીજા પ્રાણીને જન્મ આપવો અને પછી ઘરડા થઈ મરી જવું એ તો સૌ જીવોનો જીવનક્રમ છે. આપણે મનુષ્ય છીએ, એટલે આપણે જીવન ક્રમને વ્યાપ આપ્યો છે. આપણે નાના-નાના 'ગોલ' નકકી કરી એને જીતવા અને એ રીતે વિકસવાનો, વિસ્તરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. સાથોસાથ એ વિકાસ એકધારો હોય તો પાછા આપણે એ જ મનુષ્યેતર જીવનક્રમમાં ઢળી ગયા કહેવાય. આપણે તો ક્ષણે ક્ષણને માણવી છે, ભરપૂર જીવવી છે. અને એમાંથી જ અકથ્ય એવો જીવનાનંદ પ્રાપ્ત થતો હોય છે. આદિ કાળથી સફળ થયેલા માણસોએ, વિકસેલા અને સતત માનવતાને સંકોરતા રહેલા મનિષિઓએ એ જીવનાનંદ અનુભવ્યો છે. આપણે એના વારસ છીએ.

સ્વાભાવિક જ હું વર્તમાન યંત્રપરસ્તીનો વિરોધ કરી રહયો હોય એવી છાપ ચિત્તમાં ઊભી થાય એવો સંભવ છે. પણ એવું નથી. યંત્રો આપણા જીવનને વધારે સમૃદ્ધ, સુખી અને સગવડભર્યા કરવા માટે છે, એનો સર્વથા સ્વીકાર હોય જ. એના થકી આપણે ઘણી નવી નવી ક્ષિતિજોને આંબી શકયા છીએ-એ જાણીતું સત્ય છે. વધારે નહીં, એક ઉદાહરણ જોઈએ તો પણ સમજાઈ જાય તેવું છે, આજનું મેડિકલ સાયન્સ કેટલા બધાં યંત્રોથી સજ્જ છે, અને એટલે જ પૂર્વે જે અસાધ્ય રોગો હતા, કે પછી આજે જે પ્રકારના અકસ્માતો વધ્યા છે-તેમાંથી ઉગારવામાં, જિંદગી બચાવવામાં આ સાધનોનો ફાળો અનન્ય છે. એમાં કોઈ જ શંકા નથી. પણ આપણે એ યંત્રોના ગુલામ થઈને ભ્રૂણ હત્યાઓ કરીએ, ત્યારે એ યંત્રોની ગુલામીમાંથી જન્મેલી માનસિકતા જ કહેવાય ને..? - પ્રશ્ન એવા દુરુપયોગનો છે. આ સાધનો જિંદગી આપવા માટે છે, સુવિધાસભર બનાવવા માટે છે. પણ એ જ યંત્રો થકી જો જીવ-હત્યા પર ઉતરી આવીએ તો એ કેટલું વાજબી કહેવાય...? આજે જે કોમ્યુનિકેશન ક્ષેત્રમાં ક્રાન્તિ થઈ છે તે અભુતપૂર્વ છે પણ એના કારણે જે રીતે સામુહિક હત્યાઓ થાય, ત્રાસ ફેલાવવા અને ગેરસમજો ફેલાવવામાં જો એ યંત્રો વપરાય ત્યારે એ ભયંકર બાબત બની રહે. નાક લૂછવા માટે ખીસ્સામાં હાથરૂમાલ ન હોય પણ તેની પાસે મોબાઈલ હોય ! અહો આશ્ચર્યમ્ !!! ઘરના માણસના ફેઈસ જોવાને બદલે જેમને જિંદગીમાં જોવા-મળવાના નથી તેમની સાથે ફેઈસબુક પર ચેટીંગ કર્યા કરવું કેટલે અંશે યોગ્ય છે ? ! ટી.વી. ચેનલના કાલ્પનિક ઝઘડાઓ મગજમાં ભરીને આપણે કયું સુખ મેળવવાના છીએ ?! આ ગતિ નહીં, અધોગતિ છે. અગતિ છે. આપણે સામુહિક રીતે આવી યંત્રણામાં ફસાઈ ગયા ગણાઈએ.

માણસને માણસ સમજવાને બદલે, અન્ય જીવોને પણ આ ધરતી પર જીવવાનો એટલો જ અધિકાર છે એ સમજયા વગર ટૂંકા સ્વાર્થ માટે યંત્રોના દૂરઉપયોગમાં ઝડપથી આગળ વધવા લાગ્યા છીએ. એ ચિંતાની બાબત છે.

આપણે સૌ ખરા અર્થમાં શિક્ષિત બનીએ, સાક્ષર હોવાથી ચિત્તને આ દિશામાં વિચારતું કરીએ અને આપણાથી જ સદ્ માર્ગની દિશા નીપજી આવે તેવા પ્રયત્નો શરૂ કરીએ... તો જીવનની સાર્થકતા!

તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## પ્રજાસત્તાક પર્વ





## ક્રિકેટ















વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી પરિસરમાં આવેલ સી. બી. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ (વુમન) ટુર્નામેન્ટનો દબદબાભર્યો પ્રારંભ થયો હતો. સી.બી. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર પ્રારંભિક કાર્યક્રમનું આયોજન કરાવામાં આવ્યું હતું. પ્રારંભિક કાર્યક્રમમાં પ્રમુખ તરીકે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર રહયા હતા. ટુર્નામેન્ટ વિશે વિગતવાર માહિતી બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન પ્રા.કિરીટસિંહ વાસંદીયાએ આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સુરત શહેર પોલીસ કમિશનર શ્રી રાકેશ અસ્થાના હાજર રહયાા હતા, જયારે સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ તથા રાષ્ટ્રીય ક્રિકેટર અને કોચ પાયલ પંચાલે ખેલાડીઓને શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા. કાર્યક્રમમાં આવકાર પ્રવચન યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. જે. આર. મહેતાએ આપ્યું હતું. જયારે આભાર વિધિ શારીરિક અને યુવક કલ્યાણના ડાયરેકટર શ્રી ડેવિડ પોલે કરી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવનાર શ્રી કમલેશ પટેલ ખાસ ઉપસ્થિત રહયાં હતાં અને ખેલાડીઓને શુભકામનાઓ પાઠવી હતી. આ ટુર્નામેન્ટ તા. ૧૩/૦૧/૨૦૧૪ થી તા. ૧૮/૦૧/૨૦૧૪ દરમ્યાન યોજાઈ. જેમાં વેસ્ટ ઝોનમાં આવેલ રાજયો મહારાષ્ટ્ર, ગોવા, રાજસ્થાન અને ગુજરાત રાજય મળીને કુલ ૧૭ ટીમોએ ભાગ લીધો.

## ટેનિસ














વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં સૌ પ્રથમવાર યુનિવર્સિટી કેમ્પસ ઉપર તા. ૦૪/૦૧/૨૦૧૪ થી તા. ૦૭/૦૧/૨૦૧૪ દરમ્યાન વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ટેનિસ (ભાઈઓ)ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, નોર્થ સાઈટ ઓફ કર્ણાટક અને ગોવાની યુનિવર્સિટીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ટેનિસ(ભાઈઓ)ની સ્પર્ધામાં ૨૩ યુનિવર્સિટીના રમતવીરો પોતાનું કૌશલ્ય દાખવ્યું. તા. ૦૪/૦૧/૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સના સેમિનાર હોલમાં સ્પર્ધાનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ટેનિસ(ભાઈઓ)ના ઉદ્‌ઘાટન સભારંભમાં ચીફ ગેસ્ટ ઓફ અર્ચના શિવહરે, ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલિસ એચ.કયુ.ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. ગેસ્ટ ઓફ ઓનર ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલિસ, ઝોન-૨ના એન. ડી. સોલંકી, કુલસચિવશ્રી જે.આર. મહેતા અને શ્રી કિરીટસિંહ વાસદીયા હાજર રહયા હતા. શ્રી એન.ડી. સોલંકીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. આ સ્પર્ધાને જીવંત બનાવવા માટે કુલસચિવશ્રી જે. આર. મહેતા, પ્રો. કિરીટસિંહ વાસદીયા, નિયામકશ્રી પોલ ડેવિડ અને ઈ.ચા. સહાયક નિયામક રાજેષ ભાલાવાલાએ જહેમત લીધી હતી. વિવિધ યુનિવર્સિટીઓના ૨૦૦ જેટલા રમતવીરોથી યુનિવર્સિટી પરિસર ધમધમી ઉઠયું હતું. તેઓની તમામ સગવડ યુનિવર્સિટી ઉપર જ કરવામાં આવી હતી. વેસ્ટ ઝોનમાં આ સ્પર્ધામાં વિજેતા થનાર ચાર યુનિવર્સિટીઓ ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ ટેનિસ(ભાઈઓ)ની સ્પર્ધામાં ભાગ લેવા જશે.



















માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા મા. રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની વિશેષ ઉપસ્થિતિમાં તા. ૯મી જાન્યુઆરીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના કન્વેન્શન હોલમાં નેશનલ મ્યુઝિક કોમ્પિટિશનનો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીઓના વરદ હસ્તે વિજેતા સ્પર્ધકોને પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા. દેશભરની યુનિ. તથા સંસ્થાઓમાંથી સંગીતપ્રેમી વિદ્યાર્થીઓએ પોતાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. મા. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ સર્વાંગી શિક્ષણ સમતોલ વિકાસ તથા રચનાત્મક શકિતઓને પ્રોત્સાહન આપવાની દિશામાં રાજય સરકાર તથા યુનિવર્સિટીના સન્નિષ્ઠ પ્રયાસોની પ્રશંસા કરી હતી. કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના લોકભાગીદારીથી ભવનોના નિર્માણથી યુનિવર્સિટી કેમ્પસને સાચ અર્થમાં રળિયામણું

બનાવવાના પ્રયાસોને પણ બિરદાવ્યા હતા.

આ પ્રસંગે શાંતાબહેન ઈશ્વરભાઈ સવાણી રિસર્ચ સેન્ટરના દાતાશ્રી તથા એમ.એલ. કાકડીયા અને એન.પી. શાહ આઈ.એ.એસ.-આઈ.પી.એસ. તથા સ્પર્ધાત્મક પરીક્ષા ટ્રેનિંગ સેન્ટરના દાતાશ્રીનું મંત્રીશ્રીઓના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

સમાપન સમારંભમાં આ વિસ્તારના સાંસદ દર્શનાબેન જરદોસ, ધારાસભ્યોશ્રી અજય ચોકસી, શ્રી રણજિતભાઈ ગિલીટવાળા, શ્રી પ્રફુલ્લભાઈ પાનસૂરિયા, શ્રી જનકભાઈ બગદાણા, સિન્ડિકેટ સભ્યશ્રીઓ શ્રી ઘનશ્યામ રાવલ, શ્રી વિક્રમ દેસાઈ, શ્રી મેહુલ ઠાકર, શ્રી શ્રીધર નિમાવત, સેનેટ તથા અધિકારીમંડળના સભ્યશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી કાર્યક્રમને રોમાંચક બનાવ્યો હતો.

વધુમાં યુનિ. પરિસર ખાતે નવનિર્મિત ભવનો પૈકી યુજીસી ગ્રાંટમાંથી રૂા. ૨.૧૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ મૂલ્યાંકન ભવન, દાતાશ્રી ઈશ્વરભાઈ સવાણી તરફથી મળેલ રૂા. ૫૧ લાખના દાનમાંથી તૈયાર થયેલ શાંતાબેન ઈશ્વરભાઈ સવાણી રિસર્ચ સેન્ટરનું ઉદ્દ્ઘાટન તથા શ્રી મનહરભાઈ કાકડીયા તથા શ્રી નરેશભાઈ શાહ તરફથી પ્રાપ્ત થનાર દાનમાંથી એમ.એલ. કાકડીયા અને એન.પી. શાહ આઈ.એ.એસ.-આઈ.પી.એસ. તથા સ્પર્ધાત્મક પરીક્ષા ટ્રેનીંગ સેન્ટરનું ખાતમૂહૂર્ત/ભૂમિ પૂજન શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા શ્રી નાનુભાઈ વાનાણીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

## કોમ્પિટીશન



વાઈબ્રેન્ટ ગુજરાત-૧૪ અન્વયે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે નેશનલ એજયુકેશન સમીટ-૨૦૧૪નું આયોજન ટુવર્ડઝ એજયુકેટીંગ યંગ ઈન્ડિયાના થીમ પર થયેલ હતું. આ સમિટ પૂર્વે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે કુલપતિશ્રી ઠાકરના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય સંગીત સ્પર્ધાનું આયોજન તા. ૮ અને તા. ૯ ના રોજ થયેલ હતું અને માન. શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા શ્રી નાનુભાઈ વાનાણીના હસ્તે આ સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ હતાં. આ તમામ સ્પર્ધકો, યુનિવર્સિટીના અધ્યાપકો અને વિદ્યાર્થી પ્રતિનિધિઓ ધરાવતી એક ટીમ ગાંધીનગર ખાતે યોજાયેલ સમિટમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને આ સમિટના ઉદ્દ્ઘાટન સત્ર તથા અન્ય સત્રોમાં પોતાની સહભાગિતા દર્શાવી હતી. સંગીત સ્પર્ધામાં વિજેતા નિવડેલાં તમામ સ્પર્ધકો સાથે માન. મુખ્યમંત્રીશ્રીએ ફોટો સેશન યોજી વિદ્યાર્થીઓને તેમની સહભાગીતા માટે નવાજયા હતાં, સમગ્ર ટીમનું પ્રતિનિધિત્વ ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. કિશોરભાઈ પોરીયાએ કર્યું હતું.

## ક.મા.મુનશી જન્મજયંતી












વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાત વિભાગમાં કનૈયાલાલ મુનશીની સવાસોમી જન્મજયંતી નિમિત્તે પરિસંવાદ તથા મુનશી સ્મારકગ્રંથ 'અસ્મિતાના ઉદ્‌ગાતા' (સંપાદક : ડૉ. જગદીશ ગૂર્જર)નું લોકાર્પણ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકના વરદ્ હસ્તે તા. ૩૦-૧૨-૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની અધ્યક્ષતામાં ગુજરાતના ખ્યાતનામ કેળવણીકાર તથા ચિંતક કુલીનચંદ્ર યાજ્ઞિક, પ્રખ્યાત કવિ-નિબંધકાર મણિલાલ હ. પટેલ, સુરતના પ્રસિધ્ધ વાર્તાકાર-વિવેચક વિજય શાસ્ત્રી તથા ખ્યાતનામ કથાલેખક, નાટ્યલેખક, પત્રકાર, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રવીન્દ્ર પારેખનાં વકતવ્યો પરિસંવાદમાં યોજાયાં હતાં. કુલપતિશ્રી દક્ષેશ ઠાકરે મુનશીજીની સવાસોમી જન્મજયંતી પ્રસંગે ગુજરાતી વિભાગે યોજેલા આ કાર્યક્રમને વધાવતાં સાંપ્રતકાળમાં મુનશીની વિચારધારાનું પુનર્વાચન તથા પુનર્મૂલ્યાંકનને આવકાર્ય લેખ્યું હતું. આ પ્રસંગે ડૉ. જગદીશ ગુર્જરે સંપાદિત કરેલ મુનશી સ્મારકગ્રંથ : "અસ્મિતાના ઉદ્‌ગાતા-કનૈયાલાલ મુનશી"નું લોકાર્પણ કરવામાં આવ્યું. સિન્ડિકેટ સભ્યશ્રીઓ, યુનિવર્સિટી તથા કોલેજોના અધ્યાપકો, યુનિવર્સિટીના વિભાગીય વડાઓ, અધિકારીશ્રીઓ તથા મુનશી પ્રેમી નાગરિકો ઉપરાંત કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## સ્પર્ધા



યુનિવર્સિટી ઓફ રાજસ્થાન, જયપુર મુકામે આંતર યુનિવર્સિટી હેન્ડબોલ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ નાયબ કુલસચિવશ્રી આર.સી. ખડીયાના પ્રમુખ પદે તથા બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી વિપુલ ભટ્ટે કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી ડી.એમ. વાઘેલા સેવા આપી રહયા હતા. ટીમ : ૧) કુ. પટેલ પ્રિયંકા ડી., ૨) કુ. ભકતા અમી કે., ૩) કુ ભંડારી નિકિતા એસ., ૪) કુ. સોલંકી પ્રિયંકા ટી., ૫) કુ. સિંગ કવિતા આર., ૬) કુ. ત્રિવેદી હિતાક્ષી વી., ૭) કુ. ગામીત કરૂણા એસ., ૮) કુ. પટેલ રાજેશ્રી એમ., ૯) કુ. જોષી પાયલ વી., ૧૦) કુ. શાહ મેઘા ડી., ૧૧) કુ. ગામીત જીગ્નાશા વી., ૧૨) કુ. કદુ મેગ્ના ડી.

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુકામે આંતર યુનિવર્સિટી ખો-ખો (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા નાયબ કુલસચિવશ્રી આર.સી. ખડીયા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી



પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી મિનેસ નિઝામા કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી સંજય કોસાડા સેવા આપી રહયા હતા. ટીમ : ૧) કુ. ગાયકવાડ સરિતા એલ., ૨) કુ. ભોયા હેમાંગી આઈ., ૩) કુ. ગામીત અંકિતા પી., ૪) કુ. ચૌધરી દિપીકા કે., ૫) કુ. ગામીત અમીતા જી., ૬) કુ. ગામીત વનીતા એન., ૭) કુ. ગામીત રવિના ડી., ૮) કુ. ગામીત હિના એસ., ૯) કુ. ગામીત સર્જના સી., ૧૦) કુ. ચૌધરી સોનલ વી., ૧૧) કુ. ચૌધરી સોનલ આર., ૧૨) કુ. ગામીત ઉર્મીલા ડી.

## ગૌરવ



ગુજરાતી વિભાગના આસિ. પ્રોફેસર ડૉ. નરેશ શુકલના સંપાદન હેઠળ ગુજરાતી ભાષાનું પ્રથમ દ્વિમાસિક ઈ-જર્નલ 'સાહિત્યસેતુ' ડિસેમ્બર ૨૦૧૦થી પ્રકાશિત થાય છે. ૮૦ થી વધારે દેશોમાં અને ૪૫૦૦થી વધારે નિયમિક વાચકો ધરાવતા આ ઈ-જર્નલ દ્વારા નારી-વિશેષાંક તૈયાર કરવામાં આવેલો. એ અંકમાં વૈદિકકાળથી માંડી આજ સુધીમાં સાહિત્ય અને સમાજમાં સ્ત્રીનું નિરૂપણ કઈ રીતે કરવામાં આવ્યું છે તેનો સમગ્ર ગ્રાફ પ્રાપ્ત થાય તેવા સંશોધન લેખો, પશ્ચિમમાં કઈ રીતે નારીવાદી લેખનનો આરંભ થયો અને વિકાસ પામતો વિશ્વમાં પ્રસરણ પામ્યો તેનો ગ્રાફ પણ આકારિત થાય તે પ્રકારના સંશોધનલેખો ગુજરાત અને ભારતમાંથી પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં લખાયેલા આ લેખોનું પ્રકાશન 'સાહિત્યસેતુ'માં કરવામાં આવ્યું. જેને પોપ્યુલેશન ફર્સ્ટ દ્વારા પસંદ કરવામાં આવ્યા ને તા. ૨૦ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ દિલ્હી ખાતે આવેલા ચિન્મય ઓડિટોરિયમમાં લાડલી મિડિયા એન્ડ એડવર્ટાઈઝિંગ એવોર્ડસથી સન્માનવામાં આવ્યા. સ્ત્રી-પુરુષને એકબીજાના વિરોધી કે પુરક પણ નહી, વ્યકિત-મહત્તાને મહત્વ આપતા આ સંપાદનને રાષ્ટ્રીયકક્ષાએ પુરસ્કારવામાં આવ્યું તે અત્યંત ગૌરવની વાત છે. આ અંક ટૂંક સમયમાં પુસ્તકરૂપે પણ પ્રકાશિત થનાર છે.

## એવોર્ડ

વાઈબ્રન્ટ ગુજરાત (નેશનલ એજ્યુકેશન સમીટ-૨૦૧૪)ના ઉપક્રમે કનોરીયા સેન્ટર ફોર આર્ટ્સ, અમદાવાદ ખાતે ફાઈન આર્ટ્સની નેશનલ લેવલની કોમ્પિટીશનનું આયોજન જાન્યુઆરી

૨૦૧૪ માં થયું હતું. જેમાં યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેન્ટના ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કોમ્પિટીશનમાં ત્રણ કેટેગરી એટલે કે વિડિયો આર્ટ, મિકસ મિડિયા, સ્કલ્પચર જેવી ત્રણ અલગ અલગ કેટેગરીમાં વિદ્યાર્થીઓએ પોતાનું કામ મોકલ્યું હતું. ફાઈન આર્ટ્સ કોલેજના છ વિદ્યાર્થીઓને એવોર્ડ મળવાની સાથે બીજા ત્રણ વિદ્યાર્થીઓના કામ EXHIBITION માટે SELECT થયા હતા. એમ મળીને કુલ ૯ વિદ્યાર્થીઓએ પોતાની કલાની પ્રતિભાનું દર્શન રાષ્ટ્ર કક્ષાએ પોતાનું નામ નોંધાવ્યું છે. વિજેતા વિદ્યાર્થીઓ : ૧. વિડિયો આર્ટ કેટેગરી- ચોથું ઈનામ કૃતિકા કાંગરીવાલા ૧૦૦૦૦/- રોકડ, પાંચમું ઈનામ લજ્જા શાહ ૧૦૦૦૦/- રોકડ. ૨. સ્કલ્પચર આર્ટ કેટેગરી- ત્રીજું ઈનામ ખુશ્બુ પટેલ ૧૫૦૦૦/- રોકડ, પાંચમું ઈનામ રાહુલ કંથારીયા ૧૦૦૦૦/- રોકડ, દસમું ઈનામ નીતિન વાઘાણી ૫૦૦૦/- રોકડ, અગિયારમું ઈનામ રાહુલ પોપાનિયા ૫૦૦૦/- રોકડ તથા નિશા વાઘાણી ઉપરાંત અંકિત પટેલ, દિપ્તી બાટલાવાલાનું કામ Exhibitionમાં પ્રદર્શિત થયું હતું.

## પીએચ.ડી.



યુનિવર્સિટીના ગુજરાત અનુસ્નાતક વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી ભરતજી જીવણજી ઠાકોરે ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય (પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગ, મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)ના માર્ગદર્શન તળે 'નિબંધકાર ગુણવંત શાહ : એક અધ્યયન' શીર્ષક પર શોધનિબંધ પ્રસ્તુત કર્યો હતો. આ મહાશોધ નિબંધને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદે માન્ય રાખી વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી.) પદવી એનાયત કરી છે. અભિનંદન.

## Conference

Dr. Subodh S. Godre of Department of Physics, participated in the XV International Conference on Hadron Spectroscopy (Hardron-2013) held at Nara, Japan from November 04-09, 2013. Dr. Godre gave an oral presentation of his research paper entitled "Resonance Scan Simulation of Charmonium like states using PANDAROOT Framework". He also participated in an International workshop on "Hadron in Nucleus" held at Yukawa Institute of Theoretical Physics, Kyoto, Japan from 31-10-2013 to 02-11-2013.

# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

વ્યા અંકલેશ્વર સ્થિત સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રી કોલેજ ઓફ કોમર્સમાં તા. ૧૪-૨-૧૩ના રોજ શ્રી ધર્મેન્દ્રભાઈ સાવતનું "પ્રેઝનટેશન સ્કીલ, સફળતાના સોપાનો" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. તજજ્ઞશ્રીએ શિક્ષકમાં માનવસંબંધો અંતર્ગત માનવ વિકાસ પર Learning Process અને પ્રેઝનટેશન સ્કીલના સંદર્ભમાં જીવંત ઉદાહરણ દ્વારા માનવસંબંધોને વિકસાવવાના પાયાનાં સંદર્ભમાં સહૃદયતા, હકારાત્મક અભિગમ, અને જીવનમાં સફળતાના સોપાનો અંગે વિચારો તાલીમાર્થીઓને જણાવ્યા.

## એન.એસ.એસ.

એ તા. ૨૦-૧૨-૧૩ના રોજ શ્રીમતી કે.કે. આર્ટ્સ-કોમર્સ કોલેજ, અંકલેશ્વરમાં મહિલાઓના સુરક્ષા હેતુથી સેલ્ફ ડિફેન્સ - સ્વબચાવ એન.એસ.એસ.ની સ્વયંસેવક વિદ્યાર્થીનીઓ માટેનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ભરૂચના PSI શ્રીમતી ભાવનાબેન મહેરિયાએ વિદ્યાર્થિનીઓને સ્વબચાવ માટે શું કરી શકાય ? તે અંગે નિદર્શન દ્વારા માહિતી પૂરી પાડી હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. વર્ષા પટેલે તથા તુષાર સોનીએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. બહેનોએ પ્રશ્નોત્તરી દ્વારા માહિતી મેળવી હતી. તદ્‌પરાંત કોલેજમાં તા. ૧૫-૧૨-૧૩ના રોજ અધ્યાપકો તથા વિદ્યાર્થી સ્વયંસેવક ભાઈ-બહેનોએ રન ફોર યુનિટી-૨૦૧૩ની દોડમાં ભાગ લીધો હતો. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. વર્ષા સી. પટેલ તથા સામુદાયિક સેવાધારાના કન્વીનર પ્રા. એચ. જે. પરીખ તથા શ્રી તુષાર સોનીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

એ જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, બી.એ., બી.કોમ., એમ.એ., એમ.કોમ., બી.બી.એ., બી.એ., બી.કોમ., બી.સી.એ., અમરોલીના એન.એસ.એસ. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર લાયન્સ કલબ ઓફ સુરત મેઈન, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ઈન્ડિયન મેડીકલ એસોસીએશન, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન, સુરત-અમરોલીના સહયોગથી પ્રિ. ડૉ. કે.એન. ચાવડાના નેતૃત્વ હેઠળ તા. ૨૭-૧૨-૧૩ના રોજ કોલેજ ખાતે દ્વિતીય રકતદાન શિબિરનું આયોજન થયું હતું. પ્રિ. ડૉ. કે.એન. ચાવડા, લાયન્સ કલબ ઓફ સુરત મેઈનના સેક્રેટરી ડૉ. મુકેશ જગીવાલા, લાયન પ્રણવ મહેતા, લાયન પટેશ કે. પરેખ, લાયન ડૉ. ગૌરાંગ લાયન્સવાલા-પ્રમુખશ્રી, લાયન રમેશ લાયન્સવાલા, લાયન સનમુખ દારૂવાલા, સુરત રકતદાન કેન્દ્રના ચિનુભાઈ શાહ, કુ. મોનિકા પટેલ, કુ. ક્રિષ્ના ધોકિયા, કુ. ધર્મિષ્ઠા પાટીલ, કુ. મયુરી પટેલ, શ્રી અરવિંદ ઉતેકર શ્રી નરેન્દ્ર રેડ્ડી તેમજ રકતદાન કેન્દ્રના પરિવારજનો, જીવન જયોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રકુમાર સોલંકી, ડૉ. એલ.એમ. પટેલ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રા. એન.બી. બારિયા, પ્રા. જે.ડી. વાછાણી, પ્રા. જે.બી. ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ શિબિરમાં ૬૮ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું, લાયન્સ કલબ ઓફ સુરત મેઈન, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ, ઈન્ડિયન મેડીકલ એસોસીએશન, ફેમિલી એસોસીએશન, સુરત તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

## સ્પર્ધા

સ્પ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજમાં ગીતાંજલી અનુસંધાને યોજાએલ શ્લોકગાન સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધામાં સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ અંકલેશ્વરના તાલીમાર્થી પટેલ અલ્પાબહેન મગનભાઈ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અને શ્લોકગાન સ્પર્ધામાં પટેલ અલ્પાબેન ઠાકોરભાઈ દ્વિતિય ક્રમે વિજેતા થયાં હતાં.

સ્પ સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજ, વ્યારા ખાતે ૧લી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી જિલ્લા આરોગ્ય કેન્દ્ર, રોટરી કલબ વ્યારા અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે કરવામાં આવી હતી. જેમા એઈડ્સ વિશેની માહિતી અને તેના માટેના સંરક્ષણ કેવી રીતે કરવું એને લગતી માહિતી વિશે સંબોધિત કરવામાં આવી અને "HIV AIDS"ની જાગૃતિ મોટ યુવાનોની ભૂમિકા" વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે પૂજા

પરમાર, દ્વિતીય ક્રમે વિરલ ગામીત અને તૃતિય ક્રમે ધ્રુવા શાસ્ત્રી પારિતોષિક હકદાર બન્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓને CDHO, THO, DTO તથા રોટરી કલબના મંત્રી તથા હોદ્દેદારો દ્વારા પ્રમાણપત્ર તેમજ તમામ સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ. પ્રમોદ પટેલ તેમજ ITCT કેન્દ્રના શ્રીમતી જશોદાબેન ચૌધરીએ ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. હિમાબેન પંડ્યા તથા શ્રીમતી જીજ્ઞેશાબેન ગામીત દ્વારા આચાર્યા ડૉ. જ્યોતિબેન રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

## ઉજવણી

- સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત કોલેજ કક્ષાએ કાર્યાન્વિત થયેલ સપ્તધારાઓ પૈકીની એક વ્યાયામ યોગ ખેલકૂદ ધારા અંતર્ગત ઈન્ચાર્જ અધ્યાપક ડૉ. કલ્પેશભાઈ ટંડેલના આયોજન અને માર્ગદર્શન હેઠળ તા. ૨૬-૧૨-૧૩ને રોજ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં રમતોત્સવ ઉજવાયો હતો. જેમાં આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે શાળા, જીવન, શિક્ષક વચ્ચે અનુબંધ સ્પષ્ટ કરી રમતના મૂલ્યની માવજત બાબતે ઉચિત સમજણ આપી સહુને રમતોત્સવ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. દિવસ દરમ્યાન ક્રિકેટ, ખોખો, બેડમિન્ટન, દોડ, રિલેદોડ, વોલીબોલ જેવી મેદાની રમતોની સાથે-સાથે રીંગણપાણી, સંગીત ખુરશી, ઈંટ ઈચક, લીંબુ ચમચી, જળભેદન, વનમિનિટ, સ્મૃતિ કસોટી, કેરમ, ચેસ, અભિનયની ક્ષમતા ચકાસતી શીઘ્ર જૂથ અભિનય રજૂઆત અને બૌધિક રમતો આનંદ ઉલ્લાસ સાથે સંપન્ન થઈ હતી.
- શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરત તા. ૯-૧૨-૧૩ના રોજ નરસિંહ મહેતા હારમાળા જયંતિ પ્રસંગે તાલીમાર્થીઓએ નરસિંહ મહેતાના ભજનો, પદો અને તેમના જીવનચરિત્ર અને કૃતિઆ રજૂ કરી હતી અને તા. ૧૦-૧૨-૧૩ના રોજ માનવ અધિકાર દિન અને પ્રમુખ સ્વામી મહારાજની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ BAPS સંસ્થાનો ઈતિહાસ અને કાર્યોની રજુઆત વિડીયો કલીપ બતાવી કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી ગૌરાંગ રામાણીએ કર્યું હતું.
- તા. ૧૦-૧-૧૩ના રોજ ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના બી.કોમ./બી.બી.એ./બી.સી.એ. કોલેજમાં વિશ્વ માનવ અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેના સંદર્ભમાં તમામ વિદ્યાર્થીઓ તથા કોલેજ પરિવારે માનવ અધિકારના શપથ લીધા હતા. આ ઉપરાંત, માનવ અધિકારનાં રક્ષણ તથા સંવર્ધન માટે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે એક વ્યાખ્યાન (પ્રેઝન્ટેશન)નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## NET

ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના પ્રા. હેમીના અધવર્યુ અને પ્રા. મિતાલી બદામી ડિસેમ્બર ૨૦૧૨માં લેવાયેલ UGC-NET અને સપ્ટેમ્બર - ૨૦૧૩માં લેવાયેલ GSET ઉત્તીર્ણ કરેલ છે. અભિનંદન.

## વાંચન વિશેષ

**મત્સ્યપાલનની માર્ગદર્શિકા**

ડૉ. એન.સી. ઉજ્જૈનિયા તથા નિહારીકા તલસાણિયા

ઉદયપુર : હિમાંશુ પબ્લિકેશન્સ, ૨૦૧૩. પૃ. ૧૩૬. રૂ. ૨૨૦

આ ગ્રંથના લેખકો સર્વશ્રી ડૉ. એન.સી. ઉજ્જૈનિયા એસોસિએટ પ્રોફેસર તથા શ્રીમતી નિહારીકા તલસાણિયા આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે યુનિવર્સિટીના એકવેટીક બાયોલોજી વિભાગમાં કાર્યરત છે.

ગુજરાત રાજ્ય દરિયાઈ, ભાંભરા અને મીઠા પાણીના સ્ત્રોતોનો વિપુલ ભંડાર છે. તે દેશના કુલ મત્સ્ય ઉત્પાદનના લગભગ ૧૦.૬ ટકા જેટલું ઉત્પાદન કરે છે. તેમાંથી મીઠા પાણીના સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરી વૈજ્ઞાનિક ઢબે મત્સ્ય ઉછેર કરવામાં આવે તો ઉત્તમ ગુણવત્તા ધરાવતી માછલીઓના ઉત્પાદનમાં વધારો થઈ શકે છે. તદ્પરાંત રોજગારીની તકોમાં વધારો થઈ શકે તેમજ મત્સ્યપાલકોનો વિકાસ થઈ શકે. આ ગ્રંથમાં ગુજરાત રાજ્યના મત્સ્ય સંસાધનોના પરિચય સાથે મત્સ્ય પાલનના તમામ પાસાઓ જેવા કે તળાવનું નિર્માણ, જમીન અને પાણીની ગુણવત્તા, આર્થિક રીતે મહત્વપૂર્ણ માછલીઓનો પરિચય, મત્સ્યબીજનું ઉત્પાદન અને પરિવહન, આહાર વ્યવસ્થા, માછલીઓને થતા રોગ તેમજ તેના ઉપચાર, મિશ્ર માછલી પાલન તથા વિવિધ સરકારી યોજનાઓને આવરી લેવામાં આવેલ છે.

આ ગ્રંથ કુલ ૧૧ પ્રકરણોમાં વિભાજિત છે. ૧. ગુજરાતની મત્સ્ય સંપત્તિ : એક અભ્યાસ, ૨. માછલી ફાર્મ નિર્માણ અને વ્યવસ્થાપન, ૩. આર્થિક રીતે મહત્વપૂર્ણ માછલી : પરિચય અને ઓળખ, ૪. માછલીના ઉત્પાદનમાં જમીન અને પાણીની ગુણવત્તા, ૫. મત્સ્ય પાલનમાં આહાર પ્રબંધ, ૬. માછલીઓને થતા રોગ અને તેના ઉપચાર, ૭. માછલીઓમાં પ્રેરિત પ્રજનન અને બીજ ઉત્પાદન, ૮. મત્સ્ય બીજનું પરિવહન, ૯. મિશ્ર માછલી પાલન, ૧૦. વિવિધ રંગવાળી માછલીનું પાલન, અને ૧૧. મત્સ્ય પાલન અને ભાગીદારી. તદ્પરાંત ઉચિત જગ્યાએ ચિત્રાંકનો પણ જોવા મળે છે.

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com